# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

વરસાદ પછી
જલભીંજેલી
જોબનવંતી
લથબથ ધરતી
અંગઅંગથી
ટપકે છે કૈં
રૂપ મનોહર !
ને તડકાનો
ટુવાલ ધોળો
ફરી રહ્યો છે
ધીમે ધીમે.

- લાભશંકર ઠાકર.

## પાથેય

- રમેશ ઠક્કર

### વરસાદી વ્હાલ...

વરસાદ ચાલુ થવાનો રોમાંચ અદકેરો હોય છે.એની એકાદી છાલકથી ધરતી ઉપરની તમામ ચીજવસ્તુઓ માણસ પશુ કે પંખી તમામ આપોઆપ જીવંત બની જાય છે..વરસાદ કે હેલી કે એનાં વિધવિધ રૂપો વિશે લખાતું રહ્યું છે..વરસાદ જયારે પૂરબહારમાં વરસતો હોય છે ત્યારે કવિઓનું હદય પણ ઝરમર થતું હોય છે..એના વરસવાનું વિસ્મય શબ્દોમાં ઝીલાય છે..કેટલીક પંક્તિઓ યાદગાર બની જતી હોય છે.કવિ નવોસવો હોય કે ખૂબ જાણીતો વરસાદ એને આપ્તજન જેવો લાગે છે..વિરામ લીધા પછી પણ વરસાદનો જે વૈભવ હોય છે એમાંથી છૂટવું એટલું આસાન નથી હોતું !

મેઘલી રાતે કે વરસાદી સાંજે કે શ્રાવણી પૂનમ એવાં બધાં શિર્ષકો ધરાવતી રચનાઓ તમે જોઇ હશે..પરંતુ વરસાદ પછી એવા વિષય સાથેની કવિતા આપણી ભાષા માટે નવી છે..કવિ ધોધમાર ચોમાસા પછીના વિરામને જોયા પછી પોતાની કલમને દોડતી કરે છે..ધરતીને એ જળભીંજેલી અને જોબનવંતી કોઇ રૂપવંતી નારી સાથે સરખાવે છે.એમાં સૌંદર્ય જોવાની આગવી સૂઝ તો છે જ,પરંતુ એક જ લીટીમાં સુંદર પ્રકૃતિચિત્ર ખડું કરવાની નિપુણતા પણ જોવા મળે છે..આકર્ષક કોઇ સુંદર સ્ત્રીની માફક ધરતીમાં અંગેઅંગમાંથી મનોહર રૂપ ટપકતું એ નિહાળે છે..આપણા જેવા એકલદોકલ કોઇ મેઘધનુષ્ય જોઈ મલકાઇ જાય ત્યારે કવિ એની દરેક અદામાં એ અવનવાં રૂપો જોઇ શકે છે..આ ફરક હોય છે સર્જક અને સામાન્ય ભાવક વચ્ચે.આપણી નજર જયાં રોકાઇ જાય ત્યાં કવિની દ્રષ્ટિ નવી દિશા શોધી લે છે..વરસાદને કદાચ સૌથી વધારે લાડ કવિઓ કરાવતા રહે છે..એની પ્રતિક્ષા સૌથી વધારે તીવ્ર રીતે ખેડૂતને હોય છે પણ એને વ્યક્ત કરવાની તાલાવેલી શબ્દના બંદા પાસે હોય છે !

ઘટાટોપના ઘેરાવા પછીનો ઉઘાડ એ મોકળાશ અને હાશના ઉલ્લાસ જેવો હોય છે..તડકો ઉનાળામાં એક ફડકો બની સતાવતો હોય છે.એની જરીક ગેરહાજરી આપણને સ્વજનથી છુટા પડવા જેવી લાગતી હોય છે..ઉઘાડ પછી રેલાતા તડકાનું ધવલ સૌંદર્ય અનહદ અનુભવ બની રહે છે..ધરતી જાણે નાહી ધોઇને નિકળેલી કોઇ રૂપલલના હોય અને તડકો એને લપેટાયેલો ટુવાલ હોય એવી કલ્પના અદ્ભુત છે.એ ટુવાલ એકદમ સ્વચ્છ અને સફેદ છે..કવિ એના માટે શબ્દો પ્રયોજે છે "ધોળો ટુવાલ" .એ લપેટાઇ રહયો છે પૂર્ણપણે વરસાદી છાલક પછી પરિતૃપ્ત થયેલી ધરતીની આસપાસ..શબ્દોનો આ મોહપાશ એક જીવંત ચિત્ર ખડું કરે છે..વરસાદ એ કોઇઇના માટે વિષાદ બની જાય છે..વિરહીને માટે એ વેદના બની જાય છે. કોઇકની આશાનો એ સંચાર બની જાય છે..કદીક એ મનગમતો ઉપહાર હોય છે તો કદીક એનો પ્રલંબ આલાપ આફત પણ બની જાય છે..વરસાદ પહેલાંનો તલસાટ અને એ પછીનો મલકાટ એ તો સહજ જોવા મળતો નજારો છે..વરસાદ પછીનું ઉભરાતું વ્હાલ પણ આપણને ન્યાલ કરી દેતું હોય છે !

# બિહારનો સત્તાવિહાર સુચક છે

**તંત્રીસ્થાનેથી...**

ક્યારેક વાજપેયીને અતિશય વહાલા અને અડવાણીના પણ લાડકા યુવાન બાંકે બિહારીનું રાજકારણ રોમાંચક નવલ કથાના પ્લોટ જેવું રહયું છે. બિહારનો ભૂતકાળ અતિશય ભવ્ય રહયો છે પણ એનો વર્તમાન વખાણવા જેવો નથી. જ્ઞાતિવાદી રાજકારણનું વિશ્વભરનું ઉત્તમ મોડલ બિહારમાં જોવામળે છે. આઝાદીમાં બિહારનું યોગદાન ખૂબજ નોંધપાત્ રહયું છે. બલકે મોહનદાસ કરમચંદ ગાંધીને રાજકારણ અને દેશકારણનો પહેલો પાઠ બિહારમાં ભણવા મળ્યો હતો. ગલી સત્યાગ્રહથી એ દેશભરમાં જાણીતા થયા. ચંપારણે રાષ્ટ્રપિતાના નિર્માણથી પ્રથમ ભુમિકા નિભાવી હતી. બાબુ રાજેન્દ્રપ્રસાદ પ્રથમ રાષ્ટ્રપતિ નિમાયા અને જીવ્યા ત્યાં સુધી એ પદ ઉપર વડાપ્રધાન નહેરૂને અણગમતા હોવા છતાં રહયા તે બિહાર અને બિહારીઓની અંતર્નિહિત તાકાત હતી. જગજીવનરાય દેશના નાયબ વડાપ્રધાનપદ સુધી પહોંચ્યા. દલિત હોવાને કારણે વડાપ્રધાનપદ વેંત છેટું રહી ગયું પણ કેન્દ્રીય મંત્રી તરીકે સૌથી સફળ મંત્રી ગણાયા. બિહાર લોકસભાની ચૂંટણી વખતે ઉત્તરપ્રદેશ પછી સૌથી વધુ બેઠકો ધરાવતું રાજય રહયું છે એના ટુકડા કરાયા અને ઝારખંડ નામે નવું આદિવાસી બહુલ રાજય અસ્તિત્વમાં આવ્યું છતાં બિહારનો દબદબો ઘટ્યો નથી. વર્તમાન રાજકારણમાં ભારતીય જનતા પાર્ટી માટે એ નીતિશકુમારની આંગળી પકડીને જ સત્તામાં ભાગીદારી કરી શકાય એવું અઘરુ રાજય રહયું છે. જયપ્રકાશ નારાયણની ચળવળનાં હયાત ફરજંદ ત્રણ : લાલુપ્રસાદ યાદવ, નીતીશકુમાર અને શરદ યાદવ. ઉપરાંત દલિતોનું પ્રતિનિધિત્વ કરતાં રામવિલાસ પાસવાન જે હવે એમના પુત્રરૂપે પણ પ્રાસંગિક નથી રહયા એ જીવ્યા ત્યાં સુધી દરેક મંત્રીમંડળમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી રહયા..! આ બિહારીની તાકાત ! નીતીશ કુર્મી છે.. કડવા પટેલો એમને જ્ઞાતિબંધુ ગણે છે. કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે ગાંધીનગર ટાઉનહોલ ખાતે શંકરલાલ ગુરૂ વગેરેએ ગુજરાતના કેટલાક પ્રતિષ્ઠિત કડવા પાટીદારોની સાથે નીતીશકુમારને પણ પાટીદાર રત્ન એવોર્ડથી નવાજેલા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતીશકુમાર વચ્ચે હરહંમેશ બારમો ચંદ્રમા રહયો છે. ડરના માર્યા અથવા અન્ય જે કોઈ મજબુરી હોય તે, નીતીશકુમારે મોદી સાથે સમાધાન કર્યુ અને ખુરશી ટકાવી પણ ઉંચા જીવે જ રહયા. ગોધરાકાંડ પછી તેઓ મોદીના કટ્ટર આલોચક બની ગયા હતા. મોદીને મુખ્યમંત્રીપદે પણ જોવાનું પસંદ નહીં કરનારા બિહારી નેતાએ બિહારના સંકટ વખતે ગુજરાતે મોકલાવેલી આર્થિક સહાય પાછી મોકલી હતી. તેઓ મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે સ્વીકારવા સહમત નહોતા. પોતાને જ આ પદ માટે યોગ્ય ગણતા હોવા છતાં એમને મોદી સાથે હાથ મિલાવતાં કેટલુ વસમું લાગ્યું હશે. ! બિહારમાં વારંવાર પોતાની ગાદીને સલામત રાખવા એ સોગઠાં ગોઠવતા રહયા છે અને સતત બિહારના મુખ્યમંત્રી પદે ચાલુ રહયા છે. લાલુ યાદવ એમના કરતાં વધારે બેઠકો લાવી શકે, પણ નીતીશ જેવી ઉજળી અને સર્વગ્રાહી છાપ સર્વસ્વીકૃતિ એ કયારેય નથી મેળવી કે કેળવી શકયા. લાલુ વિરૂધ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપો પુરવાર થતાં નીતીશને મોકળું મેદાન મળી ગયું. મુસ્લિમો સહિત તમામ સમુદાયોમાં એ લોકપ્રિય છે. ભારતીય જનતા પાર્ટીએ ભૂમિહાર સમુદાય ઉપર મદાર રાખીને ઉલટાના નીતીશને વધુ મજબુત બનાવ્યા છે. લાલુ યાદના પુત્ર તેજસ્વીને લાલુની પોલીટીકલ ફોર્મ્યુલા ફળી, સહાનુભુતિના વોટ પણ મળ્યા છતાં પનો થોડો ટુંકો પડ્યો અને ભાજપ-જદ(યુ)ની સરકારના નેતા તરીકે, ભાજપ કરતાં ઓછી બેઠકો મળી હોવા છતાં નીતીશનું રાજયારોહણ કરાવવું પડયું તે નરેન્દ્ર મોદીની મજબુરી હતી. પરંતુ સ્વમાની તથા કુનેહબાજ નીતીશ છેવટે તો ખેલ પાડીને જ જંપ્યા છે. હવે એ ભત્રીજા તેજસ્વીના ટેકા સાથે જદ(યુ)-રાજદની સરકારના વડા છે અને નાની પાર્ટીઓ પણ એમની સાથે છે. નીતીશ ઘણા જ મહત્વાકાંક્ષી નેતા છે. એમણે સીધી જ ૨૦૨૪ પર નજર નોંધી છે તે સૂચક છે. દેખીતું છે.. તેજસ્વી યાદવ પણ ૨૦૨૫ની બિહારની ચૂંટણી પછી મુખ્યમંત્રી બનવાની શરતે જ ચાચાના ડેપ્યુટી બન્યા હોય!

# ચિન્તામણિ પાર્થિવેશ્વર




(૧) ઈરાનના એક પ્રદેશમાં રાજા વીરસિંહનું શાસન હતું. રાજા એકદમ સદાચારી, દુષ્કર્મનો ઓછાયો પણ એના વ્યક્તિત્વ ઉપર ન પડે.

(૨) એમની પાસે રાજપુરોહિત તરીકે આચાર્ય વિષ્ણુ શર્મા હતા. આચાર્ય બધી વિદ્યાઓમાં નિપૂર્ણ. જેવા વિદ્વાન એવા જ વિનયી. વિનયથી એમની વિદ્યા શોભે. દયાળુ રાજાને એમના માટે અનહદ માન-સન્માન.

(૩) બાર જ્યોર્તિલીંગની ગણના જ સોમનાથથી થાય. સૌરાષ્ટ્રમાં સમુદ્રતટે વસેલા આ સોમનાથ મહાદેવ માટે રાજા અને પુરોહિત બંનેને અખૂટ શ્રધ્ધા. નહીંતર, અંતર કેટલું બધુ ? દરિયો પણ ખેડવો પડે.

(૪) શહીરનું કશું ધાર્યું ન ઉતરે, કયારે શું થઈ જાય, એ ખબર ન પડે. ન જાણ્યે, શુ થયું.. તે વીરસિંહને કુષ્ટ રોગ લાગુ પડ્યો, આવું જીવનમાં બને ત્યારે લોકો પુર્વ જન્મ સાથે સાંકળી લે. રાજાને વિચાર આવતો- મારાથી સપનામાં પણ કોઈ દુષ્કર્મ થયું નથી. નક્કી, પૂર્વજન્મમાં મે કોઈક પાણ કર્યા હશે. રોગવધતો ગયો, રાજા બરોબર ઘેરાઈ ગયા, અતિશય ચિંતા રહે. રાજકાજ સંભાળી ન શકે. પરિવારમાં ધ્યાન આપી ન શકે. ચિંતા તો ચિતા જેવી. ચિતા તો મરેલાને બાળે, ચિંતા જીવતાને બાળે. ઉપચાર બધી રીતના કરે. ફેર ન જ પડે.. જીવન બોજારૂપ લાગવા માંડયું. આત્મહત્યાના વિચાર આવે. વિષ્ણુ શર્મા આશ્વાસન આપે. રાજાએ મનોમન નિર્ણય કર્યો- સોમનાથની છાયામાં સમુદ્રમાં જળસમાધિ લઈ લેવી.

(૫) દર શ્રાવણ મહિનાનો વિષ્ણુ શર્માનો નિત્યક્રમ સોમનાથ આવે. ત્રિવેણી સંગમ ઉપર આસન જમાવે. કાળી માટીમાંથી કાંકરી કાઢી નાંખે. ત્રિવેણીના પવિત્ર જળથી શિવલીંગ બનાવે. બાજોઠ ઉપર સ્થાપન કરે. મહાદેવને આહવાન કરે. શ્રધ્ધાપુર્વક પૂજા કરે. ચિંતામણી પાર્થિવેશ્વર એને ખાતરી-તમામ ચિંતાઓને નિવારે એ મણિ આ છે.- કાળી માટીમાંથી નિર્મિત શિવલીંગ.

(૬) રાત્રિનો છેલ્લો પ્રહર હતો. બ્રાહ્મ મુહુર્ત- એણે શિવપૂજાનું સમાપન કર્યું. ઓચિંતુ એનું ધ્યાન પડયું જોઈ પુરુષાકૃતિ સમુદ્ર તરફ જઈ રહી હતી. પછી એને ખાતરી થઈ કે આ તો પોતાના રાજા છે. ત્યાં તો વીરસિંહે સમુદ્રમાં ઝંપલાવ્યું. વિષ્ણુ શર્માએ ચિંતામણી પાર્થિવેશ્વરને પ્રાર્થના કરી. મારૂ તમામ સંચિત પુણ્ય હું મારા રાજાને સમર્પિત કરૂ છું. પણ તમે આને રોગ મુક્ત કરી દો.

(૭) વિષ્ણુ શર્માએ દોટ મુકી. કછોટો વાળીને, રાજાની પાછળ પોતે ઝંપલાવ્યું. વીરસિંહને પકડીને, કિનારે ખેંચી લાવ્યા. પરંતુ રાજા બેભાન હતા. પ્રાથમિક ઉપચાર આપયો અને ભાનમાં લાવ્યા. રાજાને પરમ આશ્ચર્ય થયું-પોતાનો દેહ એકદમ સ્વસ્થ, સુંદર અને રોગમુક્ત થઈ ગયો છે. એણે પુછયું- આ શું થયું ? વિષ્ણુ શર્માએ ચિંતામણી પાર્થિવેશ્વર તરફ આંગળી ચીંધી.. આમની કૃપા... રાજાને બધી વાત કરી. વીરસિંહે આચાર્યના ચરણોમાં પ્રણામ કર્યો. ઉગતા સૂર્યદેવના કિરણો બંને ઉપર છવાઈ ગયા.

# ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ તળાવોથી સિંચાઈ થાય છે?




## ભૂગોળ

૧ અમર કંટક કઈ પર્વતમાળાનું સર્વોચ્ચ શિખર છે?
(અ) અરવલ્લી (બ) મૈકાલ
(ક) સાનપુડા (ડ) નિલગિરિ

૨ ડિડવવાના સરોવર રાજસ્થાનમાં ક્યાં જિલ્લા આવેલ છે ?
(અ) નાગૌર (બ) અજમેર
(ક) બાંસવાડા (ડ) અલવર

૩ આંધ્રપ્રદેશના કયા સ્થળેથી અબરખ મળી આવે છે?
(અ) ગુન્ટુર (બ) તિરૂપતિ
(ક) વિજયવાડા (ડ) નેલ્લોર

૪ આંદોમાનનું સર્વોચ્ચ શિખર કયું છે ?
(અ) અનાઈમુડી (બ) દોદાબેટ
(ક) સેડલ પીઠ (ડ) મહેન્દ્રુગીરી

૫ કયા સરોવરમાં રાષ્ટ્રીય નૌકાયાન સ્પર્ધાઓ યોજાય છે ?
(અ) બુલઢાણા (બ) બેમ્બનાદ
(ક) ઢેબર (ડ) ફતેહસાગર

૬ લોનાર સરોવર મહારાષ્ટ્રના કયા જિલ્લામાં આવેલ છે?
(અ) કોંકણ (બ) જલગાંવ
(ક) લાતુર (ડ) બુલઢાણા

૭ કર્ણાટકની બ્રહ્મગિરી પહાડીઓમાંથી કઈ નદી નીકળે છે?
(અ) કાવેરી (બ) કૃષ્ણા
(ક) દમણ-ગંગા (ડ) સરસ્વતી

૮ કઈ નદી તેના ઉદગમ સ્થાને ભાગીરથી તરીકે ઓળખાય છે?
(અ) બ્રહ્મપુત્રા (બ) યમુના
(ક) ગંગા (ડ) રાવી

૯ મત્સ્ય ઉત્પાદનમાં કયું રાજ્ય સૌથી મોખરે છે ?
(અ) આંધ્ર (બ) પ.બંગાળ
(ક) કેરલ (ડ) તમિલનાડુ

૧૦ ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ તળાવોથી સિંચાઈ થાય છે?
(અ) રાજસ્થાન (બ) ગુજરાત
(ક) મધ્યપ્રદેશ (ડ) આંધ્રપ્રદેશ

૧૧ કીટનાશક દવાઓનું કારખાનું હિન્દુસ્તાન ઈન્સેક્ટી સાઈટ લીમીટેડ કયા રાજ્યમાં કાર્યરત છે ?
(અ) કેરલ (બ) તમિલનાડુ
(ક) આંધ્રપ્રદેશ (ડ) કર્ણાટક

૧૨ કયા રાજ્યની સરહદ નેપાળ, ભૂતાન અને તિબેટ સાથે જોડાયેલ છે?
(અ) અરૂણાચલ (બ) આસામ
(ક) સિક્કિમ (ડ) મિઝોરમ

૧૩ તેરેખોલ નદી કયા રાજ્યમાંથી વહે છે?
(અ) મહારાષ્ટ્ર (બ) ગોવા
(ક) કર્ણાટક (ડ) કેરલ

૧૪ દેશનું પ્રથમ નાઈટ્રોજન યુક્ત રાસાયણિક ખાતરનું કારખાનું કયા સ્થળે સ્થાપવામાં આવ્યું હતું.?
(અ) સિંદરી (ઝારખંડ) (બ) વડોદરા (ગુજરાત)
(ક) બરેલી (ઉ.પ્ર) (ડ) જબલપુર (મ.પ્ર)

૧૫ હલ્દીયા બંદર કયા રાજ્યમાં આવેલ છે ?
(અ) ઉડીસા (બ) આંધ્રપ્રદેશ
(ક) કર્ણાટક (ડ) પ. બંગાળ

૧૬ રાજસ્થાનનું કયુ સ્થળ સફેદ સંગમરમરપથ્થર માટે જાણીતું છે?
(અ) કોટા (બ) જેસલમેર
(ક) મકરાણા (ડ) બાડમેર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની ઘટનાઓ**

- ૧૨ ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય દિવસ
  - વિક્રમ સારાભાઈનો જન્મ દિવસ (૧૯૧૯)
  - રેલ્વે એન્જિનની શોધ કરનવાર જ્યોર્જ સ્ટીફન્સનું નિધન (૧૮૪૮)
  - થોમસ આલ્વા એડીશને ફોનોગ્રાફની શોધ કરી (૧૮૭૭)
  - બ્રિટીશ સાહિત્યકાર અને ચિત્રકાર વિલિયમ બ્લેકનું અવસાન (૧૮૨૭)
- ૧૩ ઓગસ્ટ :
  - ક્રાન્તિકારી વિરાંગના માદામ બીખાઈજી કામાનું નિધર (૧૯૩૬)
  - મશહૂર અમેરિકન બેઝબોલ પ્લેયર મીકીમીન્ટલેનું ૬૩ વર્ષની વયે અવસાન (૧૯૯૫)
  - ક્યુબાના રાજનેતા ફિલ્ડ કેસ્ટ્રોનો જન્મદિવસ (૧૯૨૬)
  - સ્પેનીશ - અમેરિકન યુદ્ધ દરમિયાન અમેરીકાની સૈનાય ટુકડીએ ફિલીપિન્સના મનીલા બંદરને કબજે કર્યુ (૧૮૯૮)
- ૧૪ ઓગસ્ટ :
  - જર્મનીમાં આવેલ કોલોગન કેથડ્રેલ (ચર્ચ) ૧૨૪૮માં શરૂ થયેલ તેનું કામ પૂર્ણ થયું (૧૮૮૦)
  - અમેરિકન એક્ટ્રેસ હેલી બેરીનો જન્મ દિનસ (૧૯૬૬)
- ૧૫ ઓગસ્ટ : સ્વતંત્રતા દિવસ
  - ગાંધીજીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈનું અવસાન થયું (૧૯૪૨)
  - રાય બહાદુરના ખિતાબથી સન્માનિત એબોરોય હોટલ ગ્રુપના માલિક મોહનસિંહ ઓબેરોયનો જન્મદિવસ (૧૮૯૫)
  - નેપોલીયનનો જન્મ દિવસ (૧૭૬૯)
  - અમેરિકન સૈન્યએ અફઘાનિસ્તાન છોડતાં તાલિબાને કાબુલ પર કબજો લીધો (૨૦૨૧)
- ૧૬ ઓગસ્ટ :
  - કર્મનિષ્ઠ ઉદ્યોગપતિ નાનજી કાલિદાસ મહેતાનું નિધન (૧૯૬૯)
  - મશહૂર અમેરિકન સિંગર મેડોનાનો જન્મ દિવસ (૧૯૫૮)
  - યુગાન્ડાના મીલીટરી ઓફીસર અને તાનાશાહ નેતા ઈદી અમીનનું અવસાન (૨૦૦૩)
  - ટાયટેનીક અને અવતાર જેવી વિશ્વ પ્રસિદ્ધ ફિલ્મોના સર્જક કેનેડીયન ફિલ્મ મેકર જેમ્સ કેમર-નનો જન્મદિવસ (૧૯૫૪)
- ૧૭ ઓગસ્ટ :
  - રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મદિવસ (૧૮૯૬)
  - બ્રિટીશ લેખક સર વી.એસ. નૈપુલનો જન્મદિવસ (૧૯૩૨)
  - તુર્કીમાં ઈઝમીત ખાતે આવેલ ધરતીકંપમાં ૧૭ હજારના મોત થયા (૧૯૯૯)
  - ક્રાન્તિકારી મદનલાલ ધીંગરાને ફાંસી અપાઈ (૧૯૦૯)
- ૧૮ ઓગસ્ટ :
  - પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે રાજીનામું આપ્યું (૨૦૦૮)
  - ભારતીય મહિલા વિજ્યાલક્ષ્મી પંડિતનો જન્મ દિવસ (૧૯૦૦)
  - આઈસલેન્ડના કેપીટલ તરીકે રાયકાજ્વીક શહેરને ડીઝાઈન કરવામાં આવ્યું (૧૭૮૬)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના પ્રજ્ઞાચક્ષુ વિષ્ણુ દિગંબર પુલસ્કરનો જન્મદિવસ (૧૮૭૨)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

શિવસેનાના કયા ફાયરબ્રાન્ડ સાંસદની ઈ.ડી.ના દરોડા બાદ ધરપકડ કરાઈ છે ?

જવાબ : સંજય રાઉત

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી - પેથાપુર (૨) જયેન્દ્રપ્રસાદ પાઠક, ઈન્ફો. જુ.સા. કોલેજ (૩) ઋજિત રાવલ - ૧૨૨૨/, સેક્ટર-૭ડી (૪) રૂચિત પટેલ, ગાયત્રી રેસીડેન્સી, ધોળેશ્વર પાસે (૫) શિવાંગ બી. પટેલ, સરગાસણ (૬) હાર્દિક મકવાણા - સે.૨૪

### આ સપ્તાહનો સવાલ

બિહારમાં તાજેતરમાં રચાયેલ નિતિશકુમારની નવી સરકારમાં ઉપમુખ્યમંત્રી તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ઉત્સવ... આ નહીં તો પેલો




એક સામાજિક કામે સવારથી બહારગામ ગયેલા અમે સાંજે થાક્યા પાક્યા ઘરે આવી, 'ફ્રેશ' થઈને હજી 'હાશ' કરતાં હિંચકે બેઠા ત્યાં જ...

'પનુભાઈ, ઘરમાં છો કે નહીં યાર ? કહેતા લાલાકાકા ટપકી પડ્યા...

અને 'હાશ'ના બદલે અમારા મોંમાથી 'ઓહ !' એવો હાસકારો નીકળી ગયો..!

'પનુભાઈ, બહારગામ જઈ આવ્યા ખરૂને ?''કહેતા અંકલે ઓટલારોહણ કરી, હિંચકા પર જમાવ્યું. ''હું સવારે આવેલો... તમે સાંજે મળશો એવી ખબર પડી એટલે અત્યારે ફરી આવ્યો..''

''કેમ, કંઈ ખાસ...''

''પનુભાઈ' અમને અધવચ્ચે જ અટકાવી લાલાકાકાએ ચલાવ્યું :

'અરે યાર, પંદર ઓગષ્ટ આવશે ને હવે..., ચોકઠામાં સ્વાતંત્ર્ય દિન ઉત્સવ કરવાનું વિચારવું પડશે કે નહીં !''

ઉત્સવોપ્રિય સરકારની જેમ પારકે પૈસે પ્રોગ્રામ પ્રેમી

રેડ અંકલે અમને કહ્યું...

અમે અંકલના પ્રોગ્રામની વાત સાંભળી ગભરાઈ ગયા : ''અંકલ, પંદરમી ઓગષ્ટે...''

''હા... પનુભાઈ, આ તો આઝાદીના અમૃત મહોત્સવનું વર્ષ છે એટલે સ્વાતંત્ર્ય દિન પ્રોગ્રામ તો બનતા હૈ...'' લાલાકાકાએ અમને પુરૂ બોલવા દીધા વિના પોતાનું વાજુ વગાડવા માંડ્યું...

ના છૂટકે અમારે એમના આયોજન વિશે પૂછવું પડ્યું : 'અંકલ, શું પ્રોગ્રામ વિચાર્યો છે તમે ?''

સમજાવું વિગતવાર, ૧૫મીએ સવારે ચોકઠામાં ધ્વજવંદન થશે...ને બાળકોની રમત સ્પર્ધાઓ ગોઠવીશું.. ચિત્રસ્પર્ધા ને વક્તૃત્વ સ્પર્ધા પણ યોજી શકાય...

સાંજે મોટાંઓની રમતો કરીએ ને પછી 'હાઈ-સ'થી સમાપન...''

''સરસ... પણ અંકલ, સ્પર્ધાનાં ઈનામો ને 'હાઈ-સ' માટેના ખર્ચા વિશે શું વિચાર્યુ છે?''

'પનુભાઈ, મેં આટલું બધું વિચારી રાખ્યું છે તો હવે આ એક બાબતનું તમે વિચારો.' કહીને રેડ અંકલે કોઈ પણ પ્રોગ્રામની મહત્વની બાબત આર્થિક ફંડ આયોજનનો ગાળિયો અમારા ગળે ભરાવ્યો...

ત્યાં ૧૮-૨૦ વર્ષનો એક છોકરો અંકલને શોધતો આવ્યો :

''તાતા, તમે અહીં બેથા છો ? તમે કહેલું તે મુજબ 'ઘલ ઘલ તિરંગા લેલીનું ગોઠવી દીધુ છે !!''

'શું ગોઠવી દીધું છે ?'

એની વાત ના સમજાતાં અમારે પૂછવું પડ્યું.

''ઘર ઘર તિરંગા'' રેલી કાઢવાની છે. એ જવાબદારી આ રિમેશને સોંપી છે.''

''હં...હં... ઘર ઘર તિરંગા ? રિમેશે 'ઘલ ઘલ તિનંગા' કહ્યું તે સાંભળી હું ચમકી ગયેલો...''

'પનુભાઈ, ચોકઠાના પ્રત્યેક ઘરે તિરંગો લહેરાઈ જશે... તમે આપણા બોર્ડના કોર્પોરેટરશ્રીને મળીને આ વાતની ખાતરી આપી દો. સાથે જ મળીને એમના પ્રમુખપદે આપણે ત્યાં ધ્વજવંદનનું પાકું કરી નાખો.

સાથે રમતગમત સ્પર્ધાઓમાં ઉદ્ઘાટક પણ નક્કી કરી દો... આ બંને પાસેથી ઈનામો ને 'હાઈ-સ' માટેના આર્થિક સહયોગનું ગોઠવી દો એટલે આપણે સ્વાતંત્ર્ય દિન મહોત્સવ જોરદાર ઉજવાય..'

લાલાકાકાએ તો કહી દીધું પણ લેવા ટેવાયેલા નેતાઓ વચનો ને ભાષણો સિવાય બીજું કંઈ સાહેલાઈથી આપી દે એમ માની લેવું મોટી મૂર્ખાઈ છે એ રેડ અંકલને કેમ સમજાવવું !

'અંકલ, તમે ચોકઠા પરિષદના બીજા સભ્યોને આની વાત કરી છે ને ?' અમે પ્રશ્ન કર્યો.

'હેં ? ના, પહેલાં તમારી સાથે પાકું કરું પછી જ બીજાઓને વાત કરીશ એમ વિચારેલું મેં...'

''તો તો ઉજવાઈ રહ્યો આપણો સ્વાતંત્ર્ય દિન !!'' અમે ઢીલા સ્વરે કહ્યું..

''કેમ ?''

''કેમ શું ? રક્ષાબંધન પણ શનિ-રવિ ને પંદરમી ઓગષ્ટ પાછળ પારસી નૂતન વર્ષ એમ સળંગ રજાઓ આવતી હોવાથી પટેલભાઈ, દરજીભાઈ, પંચાલને કુલકર્ણીજી એમ ઘણાં બધાંએ ગાડી કરીને ફરવા જવાનું ગોઠવ્યું છે... કદાચ...તો પછી ૧૫મીના આપણા કાર્યક્રમમાં કોણ હશે ?' અમે ધીરે રહીને અડધું સાચું-અડધું ખોટું બોલી અંકલને ગોટે ચઢાવવા ટ્રાય કર્યો...

''હે ? એવું છે ? તો પનુભાઈ, હું એમને મળું ને એમના પ્રવાસ પ્રોગ્રામમાં મારૂ પાકું કરી નાખું...''

''તો પછી આપણા ચોકઠામાં સ્વાતંત્ર્ય દિન ઉત્સવનું શું અંકલ ?''

''અરે યાર, સ્વાતંત્ર્ય દિન નહીં તો જન્માષ્ટમી ઉજવીશું ચોકઠામાં. હાલ તો જે પ્રોગ્રામ ગોઠવાયો છે એનો લાભ લઈ લઉં..!'' કહીને રેડ અંકલ

પટેલ, પંચાલ, દરજીભાઈ સાથે પોતાનું પાકુ કરવા ભાગ્યા !!